# ભરૂચ જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરીની માહિતી

## અંકલેશ્વરના નવીદીવીમાં બુટલેગર પાસેથી ઇંગ્લિશ દારૂ લઇ જતા ભરૂચના 3 ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વર ડિવિઝનમાં શહેર, તાલુકા તેમજ જીઆઇડીસી પોલીસ દ્વારા પ્રોહીબિશન ડ્રાઇવ ચલાવતા, વિવિધ વિસ્તારોમાંથી ૧૧ જેટલા બુટલેગરો પાસેથી ૬૮ લીટર દેશી દારૂ ઝડપી પાડ્યો હતો. અંકલેશ્વર શહેર પોલીસ દ્વારા બાતમીના આધારે નવીદીવીથી બોરભાઠા ગામ તરફ જવાના રસ્તા પર વોચ ગોઠવી હતી. જ્યાં નવીદીવીના બુટલેગર કમલેશ વસાવા પાસેથી વેચાણ કરાવા માટે ઇંગ્લીશ દારૂનો જથ્થો લઇને જતી રિક્ષા જીજે.૧૬ વાય ૬૨૭૩ને ઝડપી પાડી, ભરૂચના દાંડિયાબજારમાં રહેતા શબ્બીર હુસૈન સિકંદર શેખ, ભારતી ટોકીઝ પાછળ હનુમાન મંદિર પાસે રહેતા કમલેશ મહેશ વસાવા અને કીરીટભાઇ સુરેશભાઇ વસાવાને પોલીસે ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી પોલીસે ૧૪,૪૦૦ રૂપિયાનો ઇંગ્લીશ દારૂ, ૧ મોબાઇલ કિંમત રૂપિયા ૫૦૦ તેમજ રિક્ષા મળી કુલ ૮૪,૯૦૦ રૂપિયાનો મુદ્દામાલ રિકવર કર્યો હતો. જયારે નવીદીવીનો બુટલેગર કમલેશ વસાવા ફરાર થઇ જતા પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો હતો અને તેને ઝડપી પાડવાની કવાયત આરંભી હતી.

# નેત્રંગ પોલીસે મૌઝા ગામેથી ઝડપી લીધો

# ચાસવડ દૂધ ડેરીમાં એક લાખની ઉચાપત કરનારો કર્મચારી ઝડપાયો

## પાર્લરના વકરાની રકમ સંસ્થામાં જમા કરાવી ન હતી

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

ચાસવડ દુધ ડેરીમાં એક લાખની ઉચાપત કરનારા કર્મચારીને પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચાસવડ ડેરીના પાર્લર વિભાગનો કર્મચારી છત્રસિંહ કાંતિભાઇ વસાવા (રહે,મૌઝા)એ પાર્લરનો વકરો ડેરીની મુખ્ય ઓફિસમાં જમા કરાવવાના બદલે ૮૩,૬૯૦ અને તેની જગ્યાએ અન્ય મહેશ ચૌધરીએ કરેલા વકરાના 15000 રૂપિયા મળી કુલ એક લાખ રૂપિયા ખિસ્સામાં મુકી જતો રહ્યો હતો .આ બાબતે ડેરીએ નેત્રંગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ઉચાપતના બનાવની આગળની



છત્રસિંહ વસાવા

તપાસ નેત્રંગ પોલીસ સ્ટેશનના પી.એસ.આઇ એચ.એન. બારીયાએ શરૂ કરી હતી. છત્રસિંહ વસાવાને ઝડપી પાડવા તેની ટીમના વિજયસિંહ મોરી અને સોમભાઈ વસાવા સાથે રહી તેને ઝડપી પાડ્યો હતો. તેની પુછતાછ કરતા ગુન્હાની કબૂલાત કરી હતી અને કોર્ટમાં રજૂ કરતા એક દિવસના રીમાન્ડ મળતા નાણાં રીકવરી કરવા વધુ તપાસ હાથ ધરી હતી.

લક્ષ્મણનગર વિસ્તારમાં ચાલતા અડ્ડા પર દરોડા

# અંકલેશ્વરમાંથી 5 જુગારી 12 હજારની મત્તા સાથે ઝડપાયાં

## GIDC પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના રાજપીપલા રોડ પર આવેલ લક્ષ્મણનગર વિસ્તારમાં જુગારના અડ્ડા પર આર.આર. સેલની ટીમે દરોડા પાડી 5 જુગારીયાને રંગે હાથો ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી રોકડ રકમ તેમજ મોબાઈલ અને જુગાર રમવાના સાધનો મળી 12,230 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

વડોદરા આર.આર.સેલના કનકસિંહ હમીરસિંહને મળેલી બાતમી આધારે લક્ષ્મણનગર વિસ્તારમાં દરોડા પાડ્યા હતાં. જ્યાં હનુમાનજી મંદિર પાછળ ખુલ્લા જુગાર રમતા સૌરભ ઈન્દ્રપ્રેક્ષા ગુપ્તા, ઉમાનારાયણ દયાશંકર પાલ, કુવનસિંગ મુન્નાલાલ પાલ, અવધેશ શ્રીપાલ પાલ અને યોગેશસિંગ જયચંદ્રસિંગ પાલ ઝડપાય ગયા હતાં.

પોલીસે અંગ ઝડતી તેમજ દાવ પર લાગેલા 9,670 રૂપિયા તેમજ 2 મોબાઈલ કિંમત રૂપિયા 2,500 મળી કુલ 12,230 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. બનાવ સંદર્ભે જીઆઈડીસી પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ આરંભી હતી.

# અંકલેશ્વર જીઆઇડીસી પોલીસે બાઇક ચોરીને ઝડપી પાડ્યો

**અંકલેશ્વરઃ** અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે બાઈક ચોરીના ગુન્હામાં સંડોવાયેલા એક આરોપીનો માંડવી પોલીસ પાસેથી કબ્જો મેળવી વધુ તપાસ



હાથ ધરી છે. પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલી કેડીલા ફાર્મા કંપની નજીકથી ગત તારીખ ૫મીના રોજ દિનેશ પરમાર નામના વ્યક્તિની બાઈકની ચોરી થઇ હતી. આ અંગે જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી. દરમ્યાન સુરત જિલ્લાના માંડવી પોલીસ મથકમાં મૂળ નંદુરબારના દેવદાસ ઠાકરે નામના આરોપીની પોલીસે શંકાના આધારે અટકાયત કરી પુછતાછ કરતા તેણે અંકલેશ્વર જીઆઇડીસીમાં આ બાઈક ચોરીના ગુનાની કબુલાત કરી હતી. જીઆઈડીસી પોલીસે આરોપીનો કબજો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ૭૦ બાઈક ચોરનાર રીઢા ચોર સહિત ત્રણ ઝડપાયા

અંક્લેશ્વર: અંકલેશ્વર જીઆઇડીસીમાંથી બાઈક ચોરી કરનાર વાહન ચોરની પોલીસે અટકાયત કરી હતી અને તેની પૂછપરછમાં તેના અન્ય બે સાગરીતોનાં નામ ખુલ્યા હતા. જેમાં સુભાષ વડવીએ આગાઉ દક્ષિણ ગુજરાતમાં ૭૦થી વધુ બાઈક ચોરીને અંજામ આપ્યો હોવાની વિગતો બહાર આવી છે. અંકલેશ્વર જીઆઇડીસીમાં કેડીલા ફાર્મા કંપની નજીકથી તારીખ ૫મી મેનાં રોજ દિનેશ પરમાર નામના વ્યક્તિની બાઈકની ચોરી થઇ હતી. આ અંગે જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

જોકે તાજેતરમાં સુરતનાં માંડવી પોલીસ દ્વારા મૂળ નંદુરબારનાં દેવદાસ ઠાકરેની શંકાના આધારે અટકાયત કરી, પુછતાછ કરતા તેણે બાઈક ચોરીના ગુનાની કબુલાત કરી હતી. જેની જાણ માંડવી પોલીસે જીઆઈડીસી પોલીસ મથકે કરતા તેની સુરત કોર્ટમાંથી ટ્રાન્સફર વોરંટનાં આધારે અટકાયત કરી હતી. પોલીસની સઘન પૂછપરછમાં દેવદાસનાં અન્ય બે સાગરીતો સુભાષ વડવી રહે, નિઝર અને કેવનાથ પારવી રહે, નંદરબારનાં નામો ખુલ્યા હતા. જેના આધારે પોલીસે બંનેની પણ અટકાયત કરી હતી. પોલીસ તપાસમાં સુભાષ વડવી અંકલેશ્વર, વ્યારા, કામરેજ તેમજ માંડવી વિસ્તાર મળીને ૭૦થી વધુ બાઇકની ચોરીને અંજામ આપ્યો હોવાનું જાણવા મળ્યુ છે. વાહન ચોરીમાં તે અગાઉ જેલમાં પણ રહી ચુકયો છે. વધુમાં સુભાષ અને કેવનાથ બાઈક ચોરીને અંજામ આપતા હતા અને દેવદાસ ચોરીની બાઇકની ખરીદી કરતો હોવાનું પણ પોલીસ તપાસમાં બહાર આવ્યુ હતું.

# અંકલેશ્વરમાં જુગાર રમાડતી મહિલા સહિત બે ઝબ્બે

**ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર**

સુરતીભાગોળ વિસ્તારમાં આવેલ વાવ બાજુમાં ખુલ્લી જગ્યામાં સટ્ટા બેટીંગનો જુગાર રમાતો હોવાની બાતમી આધારે શહેર પોલીસે દરોડા પાડી તાડફળીયા સટ્ટાબેટીંગના આંક ફરકનો જુગાર રમાડતી કુખ્યાત જ્યોતિ વસાવાને રંગે હાથો ઝડપી પાડી હતી. પોલીસે તેની સાથે રહેલ કાગડીવાદના મોહંમદ નાસિર ગુલામ નબી નામના ઈસમની પણ ધરપકડ કરી તેની પાસે થી જુગાર રમવા આંક ફરકની સ્લીપો તેમજ રોકડ રૂપિયા 520 જપ્ત કરી જુગારધારા હેઠળ ધરપકડ કરી વધુ તપાસ આરંભી હતી.

## દુકાનદાર પાસે અન્ય 11 મોબાઈલ મળી આવ્યાં

# ભરૂચમાં ચોરીના મોબાઈલ સાથે દુકાનદારની ધરપકડ કરી

## એલસીબીએ બાતમીના આધારે ઝડપી લીધો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એલસીબીની ટીમે શહેરના ગોલ્ડન કોમ્પ્લેક્ષ ખાતે આવેલી એચ.પી. મોબાઇલ નામની દુકાનેથી ચોરીના એક મોબાઇલ સાથે દુકાનદારને ઝડપી પાડ્યો હતો. ટીમે તેની પાસેથી અન્ય 11 મોબાઇલ જપ્ત કરી તે મોબાઇલ પણ ચોરીના છે કે કેમ તેની તપાસ હાથ ધરી છે.

દહેજ વિસ્તારમાંથી મોબાઇલ ચોરીના બનાવને પગલે પોલીસની ટીમ તપાસમાં હતી. દરમિયાન એલસીબીના ઈન્સ્પેક્ટર એસ.સી. તરડેને ચોક્કસ બાતમી મળી હતી કે, ચોરીનો મોબાઇલ ભરુચ શહેરના ગોલ્ડન કોમ્પલેક્ષ ખાતે આોલી એચ.પી. મોબાઇલના સંચાલક હસન મુબારક મુસા પટેલ (રહે. સંતોષી વસાહત, સબજેલ નજીક) પાસે છે. જેના પગલે પીએસઆઇ વાય.જી.ઇસરાણી તેમજ તેમના સ્ટાફે દુકાન પર છાપો મારી હસન પટેલને ઝડપી પાડી તેની પાસેથી દહેજમાંથી મોબાઇલ સ્નેચિંગમાં ચોરીએ ગયેલો ઓપ્પો કંપનીનો મોબાઇક કબજે કર્યો હતો. તે મોબાઇલ તેની પાસે કેવી રીતે આવ્યો તેની પોલીસે તપાસ હાથ ધરી છે. ત્યારે તેની પાસેથી વધુ 11 મોબાઇલ મળી આવ્યાં હતાં. પોલીસે તે મોબાઇલ પણ તેણે ક્યાંથી લાવ્યો તેની વિગતો મેળવવા માટેની કવાયત પોલીસે હાથ ધરી છે.

## અંકલેશ્વર તાલુકાના એક ગામમાં બનાવ બન્યો હતો

# સગીર દિકરા સાથે શારીરિક અડપલા કરનારી સાવકી માતા મુંબઈથી ઝડપાઇ

## GIDC પોલીસે માતાની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઇડીસીને અડીને આવેલ ગ્રામ્ય વિસ્તાર સાવકી માતાએ પોતાના સગીર દીકરા સાથે શારીરિક અડપલા કરવાના સબબ જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઇ હતી. પોલીસે સાવકી માતાની મુંબઈ ખાતેથી ધરપકડ કરી વધુ પૂછપરછ આરંભી હતી.

તા.૭મી માર્ચમાં રોજ અંકલેશ્વર GIDC પોલીસ હદ વિસ્તારમાં એક 13 વર્ષના બાળક સાથે તેની સાવકી માતાએ શારીરિક અડપલા કર્યા હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. તેના જ પતિએ અંકલેશ્વર જીઆઇડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. રૂઢીચસ્ત સમાજમાં પરપ્રાંતીય પરિવાર બનેલી ઘટનાએ ભારે ચકચાર જગાવી હતી. બનાવ સંદર્ભે પોલીસે મથક સાવકી માતા સામે બાળકની આપવીતીના આધારે પોસ્કો એક્ટની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

ઘટના બાદ સાવકી માતા ફરાર થઇ ગઈ હતી. તપાસ દરમિયાન સાવકી માતા મુંબઈ ખાતે હોવાની માહિતી મળતા પીએસઆઈ એમ.કે. પટેલની ટીમે મુંબઇમાંથી તેને ઝડપી પાડી હતી. પોલીસ તેને અંકલેશ્વર લઇ આવી હતી અને તેની પૂછપરછ આરંભી હતી.

# મીના મસ્જીદ સામેના ટેકરા પાસે રેડ પાડી

# જંબુસરમાં આંકડાના જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસર શહેરની મીના મસ્જીદ પાસેના ટેકરા પર આંકડાનો જુગાર રમાડતાં શખ્સને પોલીસે ઝડપી પાડી જુગારના સાધનો તેમજ એક મોબાઈલ તેમજ રોકડા રૂપિયા મળી કુલ 12 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

જંબુસર પોલીસ સ્ટેશનના ફોજદાર કે. વી. બારિયાને ચોક્કસ બાતમી મળી હતી કે, મીના મસ્જીદ સામે આવેલાં ટેકરા પર એક શખ્સ આંકડાનો જુગાર રમાડે છે. જેના આધારે તેમણે તેમની ટીમ સાથે સ્થળ પર દોડી જઇ રેડ પાડતાં અબ્દુલ સત્તાર રસુલ શેખ ( રહે. જલાલપૂરા ટેકરા) નામના શખ્સને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની અંગ જડતી કરતાં રોકડા રૂપિયા 11500 તેમજ 500 રૂપિયાની મત્તાનો એક મોબાઈલ જપ્ત કર્યો હતો. ઉપરાંત અલગ અલગ આંકડા લખેલી ચીઠ્ઠીઓ સહિતનો જુગારનો મુદ્દામાલ મળી આવ્યો હતો. જેના પગલે પોલીસે તેની સામે ગુનો નોંધી તે કોને આંકડા લખાવતો હતો તેની વિગતો મેળવવાની આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### આનંદ હોટલના કંપાઉન્ડમાં ટ્રક પાર્ક કરી હતી

# નબીપુર પાસેથી વિદેશીદારૂ ભરેલી ટ્રક ઝડપી પાડી

## ભરૂચ LCBએ ટ્રકમાંથી 750થી વધુ દારૂની પેટીઓ ઝડપી



ભરૂચ એલસીબીની ટીમે નબીપુર નજીકની આનંદ હોટલના પાર્કિંગમાંથી દારૂ ભરેલી ટ્રક ઝડપી પાડી હતી.

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ નેશનલ હાઈવે પર નબીપુર નજીક આવેલી એક હોટલના કંપાઉન્ડમાંથી એલસીબીની ટીમે વિદેશીદારૂ ભરેલી એક ટ્રક ઝડપી પાડી હતી. પ્રાથમિક તબક્કે ટ્રકમાં વિદેશીદારૂની 750થી વધુ પેટી ભરેલી જણાઈ હતી. જોકે આ લખાય છે ત્યારે હજી મુદ્દામાલની ગણતરી ચાલી રહી હોઈ ચોક્કસ આંકડો બહાર આવી શક્યો નથી.

સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર, ભરૂચ એલસીબીની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ભરૂચ નેશનલ હાઈવે પરથી વિદેશીદારૂ ભરેલી ટ્રક પસાર થઈ રહી છે. ઉપરાંત તે ટ્રક નબીપુર નજીક આવેલી આનંદ હોટલના સંકુલમાં પાર્ક કરાયેલી છે. જેના આધારે એલસીબીની ટીમે તુરંત સ્થળ પર ધસી જઈ તપાસ હાથ ધરતાં તેમને રાજસ્થાન પાસિંગની એક ટ્રક મળી આવી હતી. તેમણે તેના ડ્રાઈવર - ક્લિનરની તપાસ કરવા છતાં તેમના સગડ નહીં મળતાં ટ્રકની તલાશી લેતાં તેમાં વિદેશીદારૂ ભરેલો જણાયો હતો.

પોલીસે ટ્રકમાંના દારૂના જથ્થાની ગણતરી હાથ ધરતાં 750થી વધુ પેટી ભરેલી હોવાનું પ્રાથમિક તબક્કે જણાયું હતું. પોલીસે દારૂનો જથ્થો તેમજ ટ્રક કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે. જોકે આ લખાય છે ત્યાં સુધી દારૂની પેટીઓ સહિતના મુદ્દામાલની ગણતરી ચાલી રહી હોવાને કારણે ચોક્કસ આંકડો જાણી શકાયો ન હતો.

પોલીસ હેડક્વાર્ટસ ખાતે પરેડ બાદ પ્રમાણપત્ર આપી તાલીમાર્થીઓને છૂટા કરાયા

# ભરૂચ ખાતે ૨૬૩ લોકરક્ષકનો IGની હાજરીમાં દિક્ષાંત સમારોહ

**૯ મહિનાથી જિલ્લાના ૧૮૦ અને છોટાઉદેપુરના ૮૩ જવાનો તાલીમ લેતાં હતા**







ભરૂચ.તા.૧૫

સરકાર દ્વારા નવા નિયુકત પામેલા બિનહથિયારધારી લોકરક્ષક તાલીમાર્થીઓની ભરતી કરી તેઓને તાલીમ અર્થે ભરૂચ જિલ્લાના પોલીસ હેડકવાર્ટર ખાતે ૯ મહિનાની બેઝીક તાલીમ અપાઈ હતી. તાલીમાર્થીઓની તાલીમ પુર્ણ થતાં ગુરૂવારે વડોદરા રેન્જ આઈ.જી. અભય ચૂડાસમાની ઉપસ્થિતિમાં ૨૬૩ બિનહથિયાર ધારી લોકરક્ષકની દિક્ષાંત પરેડ સાથે પ્રમાણપત્ર આપી જિલ્લાની ફરજ પર છુટા કરાયા હતા.

ભરૂચ પોલીસ હેડકવાર્ટસ ખાતે ગત ૧૨ જૂન ૨૦૧૬ ના રોજ જિલ્લાના ૧૮૦ તેમજ છોટાઉદેપુરના ૮૩ મળી કુલ ૨૬૩ બિન હથિયારધારી લોકરક્ષકની તાલીમ શરૂ કરવામાં આવી હતી. જેમાં બિનહથિયારધારી તાલીમાર્થીઓને ઈન્ડોર અને આઉટડોરની વિવિધ તાલીમો આપવામાં આવી હતી. આઉટડોરમાં પીટી, યોગા, અનાર્મ, કોમ્બેટ, રૂટમાર્ચ ગેઈમ, આર્મડ્રીલ, સ્કોર્ડડ્રીલ, પ્લાટુનડ્રીલ, સેરેમોનિયલ પરેડ, ગાર્ડ ઓફ ઓર્નર ગાર્ડ અને સંત્રી ડયુટી, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, એકસ્પ્લોઝીવ, મેપ રીડીંગ, કોમ્બીંગ અને સર્ચિંગ, સેકશન ફાર્મેશન, ચેકપોસ્ટ, મોબડ્રીલ, ટીયરસ્મોક અને વજ્રવાહન, ફીલ્ડક્રાફટની જેવી તમામ પ્રકારના આધુનિક હથિયારની તાલીમ સાથે જ ફાયરીંગ તાલીમ અપાઈ હતી. તાલીમાર્થીઓ કાયદાકીય જ્ઞાન માટે ભારતીય દંડ સહિતા ૧૮૬૦ (આઈ.પી.સી.), ફોજદારી, કાર્યરિતી અધિનિયમ ૧૯૭૩ (સી.આર.પી.સી.), ભારતીય પુરાવા અધિનિમય ૧૮૭૨, ફોરેન્સીક સાયન્સ અને મેડીશીન, અપરાધશાસ્ત્ર અને પોલીસ સંગઠન શિષ્ટ તેમજ સેવા વિષયક બાબતો, સેન્ટ્રલ અને સ્ટેટ, માઈનોર એકટ, ઈન્વેસ્ટીગેશન, ટેકનોલોજી ઈન પોલીસ વર્ક સહિતની તાલીમથી સજજ બનાવાયા હતા. તેઓની સંપુર્ણ તાલીમ ગુરૂવારે પુર્ણ થતાં દિક્ષાંત પરેડ સમારોહ પોલીસ હેડકવાર્ટસ સ્થિત પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજવામાં આવ્યો હતો જેમાં મુખ્ય મહેમાન તરીકે વડોદરા વિભાગ પોલીસ મહાનિરિક્ષક અભય ચૂડાસમાં ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પોલીસવડા સંદિપસિંહ તથા જિલ્લાના તમામ પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ અને તાલીમાર્થીઓના સગા-સંબંધીઓની પણ ઉપસ્થિતિ વચ્ચે ૨૬૩ તાલીમાર્થીઓનું દિક્ષાંત પરેડ સમારોહ પુર્ણ થતાં તાલીમાર્થીઓને પ્રમાણપત્ર આપી તેઓની જેતે જિલ્લાની ફરજ પર છુટા કરવામાં આવ્યા હતા.

# અંકલેશ્વર શહેર પોલીસે ₹ ૧૦ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો : બે આરોપી ફરાર

અંકલેશ્વર, તા.૧૫

અંકલેશ્વર શહેર પોલીસે તા. ૧૪મીની મધ્ય રાત્રી બાદ બાતમીના આધારે રૂા. ૧૦ લાખ ઉફરાંતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો. જોકે આરોપીઓ ફારર થઈ ગયા હતા.

અંકલેશ્વર શહેર પોલીસે બાતમીના આધારે કડકીયા કોલેજની પાછળ તા. ૧૪મીની મધ્યરાત્રી બાદ પોણા બે વાગ્યે રેઈડ કરી હતી. રેઈડમાં અંકલેશ્વર તાલુકાના હરિપુરા ગામના બુટલેગરો કનુ વસાવા અને મનીષ વસાવા વિદેશી શરાબની ૭૬૪૪ બોટલો તથા બિયરના ૧૮૪૮ નંગ ટીન કુલ મળીને રૂા. ૧૦,૩૯,૨૦૦નો જથ્થો કટીંગ કરતા નજરે પડયા હતા. જોકે પોલીસ રેઈડ જોઈને બંને બુટલેગરો દારૂનો જથ્થો મુકી ફરાર થઈ ગયા હતા. શહેર પી.એસ.આઈ. એમ.આર. શકોરિયાએ બનાવ અંગે અંકલેશ્વર શહેર પોલીસ મથકે ગુનો નોંધી ફરાર કનુ વસાવા અને મનીષ વસાવાની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# પાલેજમાં જુગાર રમતા ૮ ઝડપાયા : ૪ ભાગી છૂટયાં

## LCB એ રોકડા ૭૮૫૦ કબ્જે કર્યા

ભરૂચ.તા.૧૬.

ભરૂચ એલ.સી.બી. પોલીસે ગુરૂવારે સાંજે બાતમીના આધારે પાલેજના મસ્જીદ પાસેના વિસ્તારમાં દરોડો પાડી ૮ જુગારીઓને આંકડાનો જુગાર રમતા રોકડા રૂા.૭૮૫૦ સાથે ઝડપી પાડયા હતા. પોલીસની રેડમાં ૪ જુગારીઓ ફરાર થઈ ગયા હતા.

એલ.સી.બી. પોલીસ ભરૂચ દ્વારા ગતરોજ સાંજના સમયે પાલેજ નગરના મસ્જીદ પાસેના વિસ્તારમાં બાતમીના આધારે જુગાર અંગેનથી રેડ કરવામાં આવી હતી.

આ રેડમાં આંકડાનો જુગાર રમતા કુલ ૧૨ જેટલા જુગારીયાઓ જણાયા હતા જો કે ૧૨ પૈકી ૪ જેટલા જુગારીયાઓ ફરાર થવામાં સફળ થયા હતા.

પાલેજ પોલીસ તંત્રના જણાવ્યા અનુસાર અને એલ.સી.બી. પો.કો. મહેશ બાબુભાઈની પોલીસ ફરિયાદ મુજબ હુશેનખાં મહમદખાં પઠાન, યુનુસ શબ્બીર શેખ, શશીકાંત મગન વસાવા, ઉદેસીંગ મોતીસીંગ ગોહીલ, યુનુસ ઈસ્માઈલ પટેલ, રાયસીંગ વસાવા, રણછોડ છગન ઠાકોર, ઠાકોર શના વસાવા, આમ ૮ જેટલા જુગારીયાઓ આંકડાનો જુગાર રમતા ઝડપાયા હતા જયારે સત્તાર રસુલ દરબાર, શબ્બીરખાંન એહમદખાં પઠાન, ઈસ્માઈલખાં પઠાન, ઈરફાન ઈસ્માઈલ પઠાન ફરાર થવામાં સફળ થયા હતા.

આ આંકડાનો જુગાર પાલેજમાં મસ્જીદ પાસે ખુલ્લા વિસ્તારમાં રમાતો હતો પોલીસે આંકડાનો જુગાર રમવાના સાધનો અને રોકડા રૂા.૭૮૫૦ જપ્ત કર્યા હતા. આ બનાવ અંગે પાલેજ પોલીસ તપાસ કરી રહી છે.

# અંકલેશ્વરમાંથી લોખંડનાં ભંગાર સાથે બે ઝડપાયા

## જીઆઇડીસી પોલીસે

## સ્ક્રેપ, ત્રણ મોબાઈલ અને ટેમ્પો મળીને રૂપિયા ૨.૪૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

અંકલેશ્વર : અંકલેશ્વર નેશનલ હાઈવે નંબર ૮ને અડીને આવેલી નોબલ માર્કેટ તરફ જતા અને શંકાસ્પદ લોખંડનો ભંગાર ભરેલા ટેમ્પો સાથે જીઆઈડીસી પોલીસે બે શખ્સોની ધરપકડ કરી હતી.

અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન તેઓને એક ટેમ્પો શંકાસ્પદ લોખંડનો ભંગાર ભરીને પસાર થઈ રહ્યો હોવાની બાતમી મળી હતી. જે બાતમીનાં આધારે પોલીસે ને.હા.નં.૮ નોબલ માર્કેટ નજીક વોચ ગોઠવી હતી. તે દરમિયાન ટાટા એસી ફોર વ્હીલ ટેમ્પો શંકાસ્પદ રીતે પસાર થતા પોલીસે ટેમ્પો અટકાવ્યો હતો.

પોલીસે ટેમ્પોની તલાસી લેતા તેમાંથી લોખંડનો ભંગાર મળી આવ્યો હતો અને જે અંગે પોલીસે ટેમ્પો ચાલક સિરાજ નસરૂભાઈ શેખ અને અનીશ રસીદ શાહ બંને રહેવાસી અંસાર માર્કેટ, અંકલેશ્વર પાસે બિલ અને પુરાવા માગતા તેઓ એ આપી શક્યા નહોતા. જીઆઈડીસી પોલીસે લોખંડનો ભંગાર ચોરીનો હોવાની આશંકા વ્યક્ત કરીને ભંગારની કિંમત રૂપિયા ૨૪,૪૫૦, ત્રણ મોબાઈલ ફોન ૧૦,૫૦૦, ટેમ્પો કિંમત રૂપિયા ૨.૧૦ લાખ મળીને કુલ રૂપિયા ૨,૪૪,૯૫૦નો મુદ્દામાલ જપ્ત કરીને વધુ તપાસ શરૂ કરી છે.




## અંકલેશ્વર જીઆઇડીસીમાંથી બે રીઢા ચોર ઝડપાયા

### **એલસીબી પોલીસે** પાંચ મોબાઈલ તેમજ ચાંદીની અંગૂઠી મળીને ૧૭,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

અંકલેશ્વર : અંકલેશ્વર જીઆઇડીસીમાંથી ભરૂચ એલસીબી પોલીસે ચોરીનાં પાંચ મોબાઈલ ફોન તેમજ ચાંદીની ત્રણ પગની અંગૂઠીઓ સાથે બે શખ્સોની ધરપકડ કરી હતી. ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વરમાં પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે જીઆઈડીસીની જલધારા ચોકડી પાસેથી શિવમ વિનોદ પાંડે રહે, મંગલદીપ સોસાયટી, મીરાનગર પાસે અંકલેશ્વર તેમજ સંજય ઉર્ફે બંગાળી સન્યાસી ક્રિષ્ણા દાસ રહે, નવી નગરી, ભડકોદ્રાને પાંચ નંગ મોબાઈલ અને ત્રણ ચાંદીની પગની અંગૂઠી સાથે ઝડપી લીધા હતા. પોલીસની સઘન પૂછપરછમાં આરોપીઓએ પાંચ પૈકી ત્રણ મોબાઈલ ફોન અને ત્રણ ચાંદીની પગની અંગૂઠી છ દિવસ અગાઉ કાપોદ્રા પાટિયા નજીક દ્વારકેશ પાર્કમાંથી અને એક મોબાઈલ ભડકોદ્રાનાં શિવમંદિર પાસેની સોસાયટી માંથી અને અન્ય એક મોબાઈલ પ્રતિન ચોકડી પાસેથી કોઈકનાં ખિસ્સામાંથી ચોરી લીધો હોવાની કબૂલાત કરી હતી. એલસીબી પોલીસે રૂપિયા ૧૭,૬૦૦નાં મુદ્દામાલ સાથે બંને આરોપીઓની ધરપકડ કરીને જીઆઇડીસી પોલીસને આગળની તપાસ સોંપી હતી.

4 સાગરિતો ઝાડેશ્વર ચોકડીથી ઝડપાયાં હતા

# અંકલેશ્વર વાછરડા ચોરીમાં વધુ 2 આરોપી સકંજામાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



વાછરડા ચોરીના વધુ બે આરોપી.

અંકલેશ્વર મીરાંનગર ખાતેથી વાછરડાની ચોરીના ગુનામાં વધુ બે આરોપીને પોલીસે ઝડપી પાડયાં છે. અગાઉ પોલીસે ચાર આરોપીને ઝડપી લીધા હોવાથી કુલ આંક 6 પર પહોંચ્યો છે.

ભરૂચ એસઓજીએ અગાઉ આ ગુનામાં ભરૂચના સોયેબ ઇકબાલ હુશેન કુરેશી અને સમીર શબ્બીર તાઈ તથા અમદાવાદના ઈમ્તિયાઝ ઐયુબ મેવાતી તેમજ ગેંગના મુખ્ય સૂત્રધાર અને ફિરોઝ ઉર્ફે ધનબતી ગનીભાઇ ગફૂરભાઇ શેખની ધરપકડ કરી હતી. આ આરોપીઓના રીમાન્ડ દરમિયાન વધુ 2 નામ બહાર આવ્યા હતાં. જે આધારે પોલીસે અમદાવાદના મહંમદ ઈશાક ઈબ્રાહિમ શાહ અને ભરૂચ ડુંગરી ગામના યાસીનભાઈ દાઉદભાઈ અલાણાની ધરપકડ કરી રીમાન્ડની તજવીજ આરંભી હતી.

### જલધારા ચોકડી નજીક શંકાસ્પદ હિલચાલ કરી રહ્યાં હતાં

# અંકલેશ્વરમાંથી બે તસ્કરો દાગીના અને મોબાઈલ સાથે ઝડપાયાં



અંકલેશ્વરમાંથી બે તસ્કરોને મોબાઈલ તથા દાગીના સાથે ઝડપી પાડયાં છે.

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ ક્રાઈમ બ્રાન્ચે અંકલેશ્વરમાંથી ચોરીના ગુન્હામાં સંડોવાયેલ બે રીઢા ચોરોને ઝડપી પાડ્યા હતા. પ્રાથમિક પૂછપરછમાં 3 જેટલા ચોરીના ભેદ ઉકેલા હતા. તો રીઢા ચોર પાસે થી પોલીસે 5 મોબાઈલ અને દાગીના સહિતનો મુદ્દામાલ કબજે લીધો છે.

ભરૂચ ક્રાઈમ બ્રાંચની ટીમે જલધારા ચોકડી નજીક મંગલદીપ સોસાયટીમાં રહેતા શિવમ પાંડે અને ભડકોદ્રામાં રહેતા સંજય દાસની અટકાયત કરી ચકાસણી કરતા તેઓ પાસેથી ૫ મોબાઈલ તેમજ ચાંદીના દાગીના મળી આવ્યા હતા.પોલીસે તેઓની પુછતાછ કરતા મોબાઈલ અને ચાંદીના દાગીના અંગે કોઈ સંતોષકારક જવાબ નહીં આપતા બન્ને ની ધરપકડ કરી વધુ પૂછપરછ માં 3 જેટલા ચોરી ભેદ ઉકેલાય હતાં.

જેમાં 12 મી માર્ચના દ્વારકેશ મકાન નંબર 28 માં રહેતા જીતેન્દ્રસિંગ અવધેશસિંગ સિંગના મકાન રૂમમાંથી મોબાલઈ તથા દાગીના મળી કુલ 49.600 રૂપિયાની મત્તા ચોરી કરી હોવાનું કબૂલાત કરી હતી. ભરકોદ્રા ગામ ખાતે શિવ મંદિર પાસેના મકાનમાંથી ચોરી કરી હતી જેનો મોબાઈલ મળી આવ્યો હતો. પ્રતિન ચોકડી પર રાહદારી ખિસ્સા માંથી મોબાઈલ ચોરી કરી હોવાની પણ કબૂલાત કરી હતી. પોલીસે 5 જેટલા મોબાઈલ અને દાગીના કબ્જે કરી જીઆઈડીસી પોલીસ મથકના હવાલે કર્યા હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે થોડા સમય પૂર્વે શિવમ પાંડે અંકલેશ્વર કોર્ટમાં પણ ચોરી કરી હતી અને જેમાં તેની ધરપકડ કરવામાં આવી હતી.

# જંબુસર રેલવે ફાટક પાસેથી ટ્રકમાં લઈ જવાતા ૧૫ ગૌવંશ ઝડપાયું

## ગૌરક્ષા સમિતિના કાર્યકરોએ બાતમીના આધારે ટ્રક પકડી

જંબુસર, તા. ૧૭

જંબુસર સાત ઓરડી રેલવે ફાટક પાસેથી ખાસ પરમીટ વગર, ઘાસપાણી વગર ગુજરાત બહાર લઈ જવાતી ગાયો, વાછરડા મળી ૧૫ ગૌવંશ સહિતના મુદ્દામાલ સાથે રૂ. ૧,૬૬,૫૦૦ના મુદ્દામાલ સાથેની ટ્રક ઝડપી પાડતાં જીવદયા ગૌરક્ષા સમિતિના કાર્યકરોએ ઝડપી પાડી હતી.

બપોરે સાડા ત્રણ વાગ્યાના અરસામાં જીવદયા ગૌરક્ષા સમિતિના પ્રમુખ પારૂલબેન ભૂપતસિંહ પરમારને અંગત બાતમીદાર દ્વારા જાણવા મળેલી કે પાદરા તરફથી એક ટ્રકમાં ગેરકાયદેસર રીતે ગાયો ભરીને આવે છે.

જે આધારે પોતાના કાર્યકરો સાથે જંબુસરની સાત ચોકડી રેલવે ફાટક પાસે વોચમાં હતા. તે સમયે પાદરા તરફથી ટ્રક આવતાં તેને ઉભી રાખેલ, ટ્રકના ડ્રાઈવર ઈલ્યાસ હસન નુરાભાઈ મોટીયાણી (મેમણ) એ ટ્રકની પાછળના ભાગે બોડી ઉપર તાડપત્રી બાંધેલ જે ખોલીને જોતા ટ્રકમાં ગાયો નંગ ૭, નાના વાછરડા નંગ ૬, નાની વાછરડી નંગ ૧ તથા ૧ આંખલો ખીચોખીચ ભરી હલન ચલન કરી નશકે તે રીતે ભરી લાવી ઘાસચારો, પાણીની કોઈ સુવિધા રાખ્યા વગર ટ્રકમાં ગાયો ભરપી લાવી ગુજરાત સરકારના પરિપત્રનો ઉલ્લંઘન કરી ગાયો ખીચોખીચ ક્રૂરતાપૂર્વક ભરી બીજા રાજ્યમાં લઈ જતો હોય ગુનો કરેલ છે. જે આધારે જંબુસર પોલીસ સ્ટેશન ખાતે ગુનો નોંધાવેલ છે.

જંબુસર પોલીસે પાણી સંરક્ષણ સુધારા અધિનિયમ સહિત ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે. વધુ તપાસ જંબુસર પીએસાઈ કે. વી. બારીયા ચલાવ રહ્યા છે.

# પાલેજમાં ક્રિકેટ સટ્ટા બેટિંગના મુદ્દામાલ સાથે ૪ ઝડપાયા



ભરૂચ: ભરૂચ જિલ્લાના પોલીસ અધિક્ષક સંદીપ સિંહની સૂચના અને માર્ગદર્શન હેઠળ હાલમાં ચાલી રહેલી ક્રિકેટ હિરો નિડાહસ ટ્રોફી-૨૦૧૮ની ત્રિકોણીય ટી-૨૦ સિરીઝ ચાલતી હોઈ અને તેના પર કેટલાંક જુગારિયા મેચની હાર જીતનો, મેચ પર રન, ફોર-સિક્સ, વિકેટ વિગેરે પર ઓનલાઈન જુગાર રમતાં હોઈ જેની મળેલી બાતમીના આધારે ભરૂચ એસ. ઓ.જી પોલીસ ઈસ્પેક્ટર પી.એન. પટેલ તથા પી.એસ.આઈ. કે.એમ.ચૌધરી અને એસ.ઓ.જી ટીમે પાલેજમાં રહેતા અઝરુદ્દીન બાલાસાહેબ અફઘાન તેના ઘરમાં બાંગ્લાદેશ-શ્રીલંકા વચ્ચે રમાતી લાઈવ મેચ પર મોબાઈલ ફોન પરથી ક્રિકેટનો સટ્ટોની રમત રમાડતો હોઈ, તેના ઘરે દરોડો પાડતાં (૧) અઝરુદ્દીન બાલાસાહેબ અફઘાન રહે, પાલેજ ખાનસાબ પાર્ક (૨) સોહેલ બાલાસાહેબ અફઘાન રહે, પાલેજ, ખાનસાબ પાર્ક (૩) સલીમશા રૂસ્તમશા દિવાન રહે, જલારામ નગર, ગુજરાત સ્કૂલની પાછળ, કરજણ અને (૪) સફિક અલી પટેલ રહે,અંકુર સોસાયટી, પાલેજને રંગેહાથે સટ્ટો રમતા ઝડપાઈ ગયા હતાં. પોલીસે તેમની પાસેથી ક્રિકેટ સટ્ટાના સાધનમાં મોબાઈલ, લેપટોપ, કેલ્ક્યુલેટર, હિસાબ ડાયરી, ટી.વી વગેરે તથા રોકડા રૂપિયા કુલ મળી કિંમત રૂપિયા ૭૪,૩૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી વધું તપાસ એસ.ઓ.જી.ના પોલીસ સબ ઈન્સપેક્ટર કે.એમ.ચૌધરી ચલાવી રહ્યા છે. એસ.ઓ.જી. દ્વારા ક્રિકેટ સટ્ટા પર પાડવામાં આવેલા દરોડાથી ભરૂચ જિલ્લામાં સટોડીયામાં ફફડાટ વ્યાપી ગયો છે.

# નવા કાંસિયાથી દારૂ ઝડપાયો

**અંકલેશ્વર** | અંક્લેશ્વર શહેર પોલીસે રેડ પાડી નવા કાંસીયા ગામના ખેતરમાં સંતાડેલો વિદેશી દારુ ઝડપી પાડી બુટલેગરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અંકલેશ્વર શહેર પોલીસને બાતમી મળી હતી કે નવા કાંસીયા ગામ ખાતે રહેતો કમલેશ ઉર્ફે કમો વસાવા વિદેશી દારુનો વેપલો ચલાવે છે. અંકલેશ્વર શહેર પોલીસ મથકના હે.કો અમરસિંહે બાતમીના આધારે કમલેશ ઉર્ફે કમો વસાવાને ત્યાં રેડ પાડી મીણીયા કોથળામાં ખેતરમાં સંતાડેલી 13,100ની મત્તાની વિવિધ બ્રાન્ડની 180 એમ.એલ. ની 131 બોટલ ઝડપી પાડી કમલેશ વસાવાની ધરપકડ કરી વધુ તપાસ આરંભી હતી.